# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ જાન્યુઆરી- ૨૦૨૨ અંક : ૧
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)

શ્રી વાયડા યુનીયન સોસાયટી તરફથી નીકળતું ત્રિમાસીક

## વાયડા મિત્ર.

વર્ષ ૨ જું. વૈશાખ–સંવત ૧૯૭૭. અંક ૨ જો.



અર્થ:—હે મનુષ્યો, આત્મજ્ઞાન મેળવવા તત્પર થાઓ, અજ્ઞાનરૂપી ઘોર નિદ્રા કે જે સર્વ અનર્થના બીજરૂપ છે તેનો નાશ કરો; કેવી રીતે? ઉત્તમ તથા સત્ય જાણનારા આચાર્યો પાસે જઈ શીખો કે, જે સર્વના સારરૂપ છે તે તમારો આત્મા છે. —શંકરાચાર્ય.

વાર્ષિક લવાજમ રૂ. ૨). પોસ્ટેજ સાથે. છુટક નકલ આના બાર.

**દ્વીતીય વાયડામિત્ર એપ્રિલ-૧૯૨૧નું મુખપૃષ્ઠ**

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES







- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

જાન્યુઆરી - ૨૦૨૨, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૦, અંક-૧

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી)  ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/-

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# વાયડામિત્ર નોટઆઉટ @ ૧૦૦



ઓહ ! આ કોઈ સ્વપ્ન તો નથી ને?! ના, સ્વપ્ન તો સાકાર થઈ રહ્યું છે. વાયડામિત્રએ એક એવો માઈલસ્ટોન પસાર કર્યો છે જેનો ઇન્તેજાર જ્ઞાતિજનો વર્ષોથી કરતાં હતાં. કોઈ ક્રિકેટર એકસો રન ફટકારે ત્યારે જે હર્ષ થાય તેના કરતાં ય અનેકગણો આનંદ આજે જ્યારે આપણું વાયડામિત્ર એકસોમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે થાય છે.

કોઈ પણ સામયિક એ જે તે સમયના અવાજનો, સમયના મિજાજનો અને સમયના અંદાજનો એક દસ્તાવેજ બની જાય છે. આપણું વાયડમિત્ર આપણી જ્ઞાતિનો તેમજ જ્ઞાતિના ગૌરવરૂપ ચરિત્રનો એક અભૂતપૂર્વ વારસો છે.

જ્ઞાતિમાસિકોમાં સીમાચિહ્ન બની ગયેલું વાયડામિત્ર ધીમી પણ મક્કમગતિએ આગળ વધી રહ્યું છે. સદી ફટકાર્યા બાદ પણ તે અણનમ રહીને તેની યાત્રા આગળ વધારતું રહેશે.

ગુજરાતી પત્રકારત્વમાં દૈનિક પત્રોમાં 'મુંબઈ સમાચાર'ની સ્થાપના ૧૫૦ ગ્રાહક સાથે જુલાઈ ૧૮૨૨માં ફરદુનજી મર્ઝબાન નામના પારસી સદ્‌ગૃહસ્થ દ્વારા થઈ. તેની સ્થાપનાના બરાબર એકસો વર્ષ પછી ૧૯૨૧માં મુંબઈ ખાતે વાયડામિત્ર સામયિક શરું થયું. આજે વાયડામિત્ર જ્ઞાતિજનોને એકસૂત્રે બાંધી રાખે છે અને જીવનલક્ષી પ્રેરક સાહિત્ય પૂરું પાડે છે.

જ્ઞાતિના કેટલાક જાગૃત વડીલોની દીર્ઘદૃષ્ટિ અને સંકલ્પશક્તિના પરિપાકરૂપે ઓગસ્ટ ૧૫, ૧૯૨૦ના દિવસે મુંબઈમાં ચુનીલાલ મથુરદાસના પ્રમુખપદ હેઠળ જ્ઞાતિજનોએ 'ધી વાયડા યુનિયન સોસાયટી'ની રચના કરી. તે વખતે તેનો મુખ્ય હેતુ જ્ઞાતિનું મુખપત્ર શરૂ કરવાનો હતો. આ દિવસ જ્ઞાતિ માટે તેમ જ હિન્દુસ્તાનના ઇતિહાસમાં અમર બની જવાનો હતો. કારણકે સત્તાવીસ વર્ષો પછી આ જ દિવસે હિન્દુસ્તાનને આઝાદી પ્રાપ્ત થઈ. ૧૯૨૧ના જાન્યુઆરી માસમાં (સંવત ૧૯૭૭ મહામાસ) કનૈયાલાલ ફકીરભાઈ મહેતાના તંત્રીપદ હેઠળ વાયડામિત્ર સામયિકની

શરૂઆત થઈ. પ્રકાશક તરીકે હીરાલાલ ઘેલાભાઈ લાકડાવાળા હતા. પરંતુ તેનું પ્રિન્ટીંગ અમદાવાદમાં ડાયમન્ડ જ્યુબિલી પ્રેસમાં દેવીદાસ છગનલાલ પરીખે કર્યું હતું. જ્ઞાતિજનોને નવાઈ લાગશે કે આ પહેલા અમદાવાદથી ઈશ્વરલાલ લલ્લુભાઈ ગાંધીના તંત્રીપદ હેઠળ 'વાયડાઅભ્યુદય' નામનું માસિક શરુ થયું હતું પરંતુ ત્યાર બાદ 'વાયડામિત્ર' આપણી જ્ઞાતિના સત્તાવાર મુખપત્ર તરીકે રજૂ થયું.

આજથી ૧૦૨ વર્ષ પહેલા ૩૧-૧-૧૯૨૦ના દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિત જ્ઞાતિઓ માટેનું એક મુખપત્ર 'મૂકનાયક' મુંબઈથી મરાઠી ભાષામાં પ્રકાશિત કર્યું હતું. બે વર્ષ પહેલાં જ તેને એકસો વર્ષ સમાપ્ત થયા. જો કે તે તમામ દલિત જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ સામયિક દર પંદર દિવસે શનિવારે પ્રસિદ્ધ થાય છે જેમાં દલિતોના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે. મરાઠી ભાષાના પ્રખ્યાત કવિ તુકારામના આભંગ પરથી તેનું નામકરણ થયું હતું.

શરૂઆતમાં વાયડામિત્ર ત્રિમાસિકધોરણે પ્રસિધ્ધ થતું હતું. વાયડામિત્રની છૂટક નકલની કિંમત ૧૯૨૧માં અડધો આનો હતી. વાર્ષિક લવાજમ રૂ. ૨/- હતું અને તેના ૧૧૪ સભ્ય હતા. શરૂઆતનો અંક તમામ જ્ઞાતિજનોને, સભ્ય ન હોય તો પણ મોકલવામાં આવેલ અને તમામ જ્ઞાતિજનોને સામયિકના સભ્ય થવા માટે અપીલ કરવામાં આવી હતી.

વાયડામિત્રના પ્રથમ બે અંક વાંચીએ (કર્ટસી-કિંજન શાહ) તો એ સમયના પડઘા, એ સમયના ધબકારા અને એ સમયના પગલાંનો અનુભવ થયા વગર રહે નહીં. આપણા પૂર્વજો આપણી સાથે સૂક્ષ્મ સંવાદ કરી રહ્યા હોય તેવું લાગે. શબ્દોની પાંખે અક્ષરોના આકાશમાં ઉડતા થઈ સમયના અસીમ સાગરનું વિહંગાવલોકન કરી રહ્યા છીએ. હવે તે સમયની ભાષા, વિચારો, લખાણોની પ્રાસંગિક્તા, વિશિષ્ટ લેખો, જ્ઞાતિના રિવાજો અને તે અંગેની નોંધો જોઈને આશ્ચર્ય થયું.

તે સમયે અનુક્રમણિકા આપવામાં આવતી હતી. વાયડામિત્રના પાના સળંગ ગણાતા હતા. એટલે કે પ્રથમ અંકના પાના ૧ થી ૩૪ તેમજ દ્વિતીય અંકના પાના ૩૫ થી ૫૯ એ રીતનો ક્રમ હતો. જો કે જોડણીની અસંખ્ય ભૂલો જોવા મળે છે. કારણકે તે સમયે વ્યવસ્થિત જોડણી હતી જ નહીં. ૧૯૨૯માં પ્રથમ વખત 'સાર્થ ગુજરાતી જોડણી કોશ' પ્રસિદ્ધ થયો ત્યારે ગાંધીજીએ લખ્યું હતું – હવે

પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.

વિધવાવિવાહ અને બાળવિવાહ પરના લેખ ધ્યાન ખેંચે તેવા છે. તે સમયના આ મુખ્ય પ્રશ્નને વાચા આપવામાં આવી હતી. દેશાટન અને સમુદ્રપ્રયાણને લગતા જ્ઞાતિના રિવાજોની ચર્ચા પણ જોઈ શકાય છે. ૧૯૨૧માં આપણી જ્ઞાતિની વસતી ૨૨૮૩ની હતી તે વાંચીને આનંદ થયો. એક નોંધ ધ્યાન ખેંચે તેવી છે. – 'કલહ, કુસંપ અને ઈર્ષ્યાના બીજનો આપણામાં ઘણો ઊંડો પ્રવેશ થવા પામ્યો છે.' તંત્રીએ નિર્ભયતાથી પોતાના વિચારો પ્રકાશિત કર્યા છે. દશા–વિશાનો ભેદ પણ તે સમયે ઊંડો હતો. વડોદરાના વિશા વાયડા જ્ઞાતિના મણિલાલ ત્રિકમલાલે વાયડા ભાઈઓને વિજ્ઞપ્તિ કરીને દશા–વિશાનો ભેદ મિટાવવાની વિનંતી કરી હતી અને તેના કારણે ઉદ્‌ભવતા માઠા પરિણામોની ચર્ચા કરી હતી.

અન્ય અપીલ ખાસ ધ્યાન ખેંચે તેવી છે.– 'આપણી જ્ઞાતિની ઉન્નતિમાં, ગર્ભિતપણે આપણી પોતાની ઉન્નતિ રહેલી છે એમ વિચારી દરેક જ્ઞાતિબંધુએ જ્ઞાતિઓના ઉપાશક બનવું જોઈએ. જ્ઞાતિજન તરીકે સમગ્ર જ્ઞાતિ પ્રત્યે આપણે શી ફરજો અદા કરવાની છે તેનું સ્મરણ કરી ઉપાયો યોજવા જોઈએ. કુસંપ, પરકૂથલી, આત્મશ્રદ્ધા અને મિથ્યાભિમાનમાંથી બચવા આપણે રક્ષણ કરવું જોઈએ.'

૧૯૨૧માં લખાયેલી વાત આજે ૨૦૨૨માં પણ કેટલી સાચી છે! (ભાષા એ જ રાખી છે.)

અંગ્રેજી ભાષાનું મહત્ત્વ તે સમયે પણ જોઈ શકાય છે–'અંગ્રેજી માતૃભાષા ન હોવા છતાં પણ વીશમી સદીમાં કોઈ પણ કાર્ય થઈ શકતું ન હોવાથી તે ગ્રહણ કરવાથી દરેક યુવકની ફરજ છે.' આપણા પૂર્વજો કેટલા વિચારશીલ હતા તેનો આ પરથી ખ્યાલ આવે છે.

દરેક દસકાએ સમાજમાં જે મૂલ્યો બદલાતાં રહ્યાં છે. જેમાં શિક્ષણ, કેળવણી, સભ્યતા, સંસ્કૃતિ, સામાજિક રીતરિવાજો અને જીવનઘડતરમાં આવેલા આમૂલ પરિવર્તનોનું વાયડામિત્ર મૂક સાક્ષી બની રહ્યું છે.

આજે આપણા સૌનું પ્રિય સામયિક વાયડામિત્ર શિરમોર છે. ભાગ્યે જ કોઈ જ્ઞાતિમાસિકે સદીની સફર ખેડી હશે. કપોળ વૈષ્ણવ વણિક જ્ઞાતિનું 'કપોળ સંદેશ' તરત જ ૧૯૨૨માં પ્રસિધ્ધ થયું. અન્ય જ્ઞાતિમાસિકો જેવા કે ખડાયતા

જ્ઞાતિનું ‘ખડાયતાજ્યોતિ’ ૭૮ વર્ષોથી, બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિનું ‘બ્રહ્મક્ષત્રિય હિતેચ્છુ’ ૫૩ વર્ષથી, પટેલ સમાજનું ‘પટેલ સુવાસ’ ૪૪ વર્ષથી તેમ જ હરસોલા વણિક જ્ઞાતિનું ‘હરસોલા સંદેશ’ ૫૪ વર્ષોથી પ્રસિદ્ધ થાય છે.

વાયડામિત્રના સ્થાપકોની દીર્ઘદષ્ટિને સલામ કરવી પડે. તેઓએ મૂળ રોપીને વિરાટવૃક્ષનું સ્વપ્ન જોયું હતું જે આજે ફળીભૂત થયું છે. આ જ્ઞાતિમાસિકને સાહિત્યની કોઈ વ્યાખ્યામાં ઢાળવાનું ક્યારેય મુનાસીબ માન્યું નથી. જ્ઞાતિના ઉગતા લેખકો પોતાની રચના દ્વારા સાહિત્યના ક્ષેત્રમાં પદાર્પણ કરે એ જ મુખ્ય હેતું રહ્યો છે. ઘણા લેખકો વાયડામિત્રના માધ્યમથી ગુજરાતી સાહિત્ય તેમ જ અન્ય કાર્યક્ષેત્રમાં આગવું સ્થાન પામ્યા છે.

આ લખનાર છેલ્લા સાડાચાર દાયકાથી વાયડામિત્ર સાથે ઘનિષ્ટ રીતે સંલગ્ન છે. ગત વર્ષો પર એક નજર નાંખીએ તો સંતોષકારક કાર્ય જરૂર થયું છે. એક જ્ઞાતિમાસિક જ્ઞાતિજનોને રાહ જોવડાવે અને ઉત્કંઠા જગાવે તે જ જ્ઞાતિ પ્રત્યેના બોન્ડીંગનો મજબૂત પુરાવો છે. વાયડામિત્રમાં એવું તે શું છે કે તે આપણને સૌને જકડી રાખે છે? વાયડામિત્રનો અંક નથી મળતો તો જ્ઞાતિજનોને અધૂરપ શા માટે લાગે છે? શા માટે તે આત્મીય સ્વજન બની ગયું છે? જવાબ છે–જ્ઞાતિ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા, જ્ઞાતિ પ્રત્યેનો સ્નેહ જે ઉત્કંઠતા જગાડે છે. દરેક વ્યક્તિ જ્ઞાતિના સમાચારો જાણવા ઉત્સુક હોય છે. જ્ઞાતિ કે સમાજથી કોઈ વ્યક્તિ અળગો રહી શકતો નથી. મનુષ્ય સમૂહમાં રહેનારું પ્રાણી છે. સમાજથી કપાઈને કોઈ વ્યક્તિ પોતાની આગવી ઓળખ પ્રાપ્ત કરી શકતો નથી.

વાયડામિત્ર જ્ઞાતિજનો માટે એક સંવાદસેતુનું કામ કરી રહ્યું છે, જે આપણને સૌને એકબીજાના સૂક્ષ્મ છતાં લાઈવ ટચમાં રાખે છે. વાયડામિત્ર જ્ઞાતિના વિકાસ, સંસ્કાર, શિક્ષણ અને સામાજિક નિસબતનો દસ્તાવેજ છે. આજે આપણી સમગ્ર જ્ઞાતિ વાયડામિત્રના પાનાંઓ પર ધબકી રહી છે.

સમયને અનુરૂપ આપણે ડીજીટલ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યા છે. સૌ પ્રથમ વસતી પત્રક ઓનલાઈન મૂક્યું. વચ્ચે જ્ઞાતિનું ઈ–મેગેઝીન ‘વાયકનેક્ટ’ પણ આવ્યું. જ્ઞાતિની વેબસાઈટ www.vayvaset.in પણ સમયાંતરે અપડેટ થતી રહે છે. વોટ્સઅપ GCV ગ્રુપ શરૂ થયું. મહિલાઓનું વોટ્સઅપ ગ્રુપ પણ શરૂ થયું

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

જ્ઞાતિની મોબાઈલ એપ્લીકેશન www.communitymsg.com પણ શરૂ થઈ. કોરોનાના સમયમાં વાયડસંઘ સંપન્ન ન થઈ શક્યો ત્યારે બે વર્ષ દરમ્યાન નિયમિત રીતે માતાજીના દર્શન હવન અને આરતી લાઈવ જોવા મળ્યા. માણસ આખેઆખો ડીજીટલ બની ગયો.

પણ આ બધાના વધતા પ્રભાવમાં પણ વાયડામિત્ર સિરમોર છે. સ્વાભાવિક છે કે વાયડામિત્રના વાચકોની સંખ્યા વધુ જ રહેવાની. માહિતીવિસ્ફોટના આ યુગમાં આજે પણ પ્રિન્ટ મીડિયાનું સ્થાન આંચકી શકાય તેવી સ્થિતિ નથી. ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયાના પ્રહારો વચ્ચે પણ પ્રીન્ટમીડિયા અડીખમ ઊભું છે.

વાયડામિત્ર જ્ઞાતિ માટે ધબકતું હૃદય છે. જ્ઞાતિજનોના લોહીમાં હિમોગ્લોબીનની સાથે વાયડામિત્ર પ્રત્યેનો પ્રેમ પણ વહેતો જોવા મળે છે. વાયડામિત્ર એ અરીસો છે જેમાં તમે તમારું પ્રતિબિંબ જોઈ શકો છો. વાયડામિત્ર એ સ્થૂળ કાગળોનો જત્થો નથી.

એક કલ્પના કરો–વાયડામિત્રનું અસ્તિત્વ નથી તો શું થશે ? જ્ઞાતિજનોને એકસૂત્રે બાંધી રાખતી કડી તૂટી જાય તો શું થાય ? આપણે વેરવિખેર થઈ જઈએ. જ્ઞાતિજનો અંગેના સમાચાર મેળવવા મુશ્કેલ બની જાય. કદાચ નવી પેઢીને તેની સાથે લગાવ ન હોય તે સમજી શકાય છે પણ જે જ્ઞાતિજન સીનીયર સીટીઝન છે તેના માટે તો તે આત્મીય સભ્યની ભૂમિકા ભજવે છે.

વાયડામિત્ર હવે માત્ર સામયિક નહીં બની રહેતા દર મહિને આપણને મળવા આવતો જ્ઞાતિનો પ્રતિનિધિ કે સ્વજન હોય તેવી અનુભૂતિ કરાવે છે.

આપણું લક્ષ્ય માત્ર શતાબ્દિ નથી પણ વાયડામિત્રની યાત્રા અનંતભણીની છે.

વાયડામિત્રની શતાબ્દિ પ્રસંગે તેના શુભેચ્છકો, ચાહકો, ભાવકો, તંત્રીઓ, પ્રકાશકો, વ્યવસ્થાપકો, લેખકો, સમાચાર સંપાદકો, જાહેરખબર દાતાઓ તેમજ તેની સાથે સંકળાયેલા તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. હરહંમેશની જેમ વાયડામિત્રને આપનો સ્નેહ અને સહકાર મળતો રહેશે એવી આશા અસ્થાને નથી.

– હિમાંશુ શાહ, પૂર્વ તંત્રી – વાયડામિત્ર
મોબાઈલ : ૯૪૨૯૦ ૬૭૮૯૦

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## 'વાયડામિત્ર' (શતાબ્દી વિશેષ)



સર્વે જ્ઞાતિબંધુનું મિત્ર છે, વાયડામિત્ર
દિલથી દિલને જોડતો સેતુ છે. વાયડામિત્ર
સંબંધોને જાળવી રાખતો પત્ર છે, વાયડામિત્ર
બીજા સામયિકોથી સવાયું છે, વાયડામિત્ર

જ્ઞાતિના લેખકોનું માનીતું છે, વાયડામિત્ર
અનુભવી લેખકોનો સાથ છે વાયડામિત્ર
વિચારોની અભિવ્યક્તિનો મંચ છે, વાયડામિત્ર
નવોદિત લેખકોનું પ્રોત્સાહન છે, વાયડામિત્ર

અભ્યાસુ લેખકોની કલમ છે, વાયડામિત્ર
વાયવાસેટનું પ્રતિબિંબ છે, વાયડામિત્ર
હકારાત્મક વિચારોની હારમાળા છે, વાયડામિત્ર
નવું જાણવું, જણાવવાની ઘેલછા છે, વાયડામિત્ર

શતાબ્દીનો સોનેરી સૂરજ છે, વાયડામિત્ર
સંઘર્ષો બાદની ઝળહળતી સફળતા છે, વાયડામિત્ર
ભવિષ્યનો ગિનીષ વર્લ્ડ રેકોર્ડ છે, વાયડામિત્ર
અદકેરુ અને અમૂલ્ય છે, વાયડામિત્ર

પવિત્રતાનો સંગાથ છે, વાયડામિત્ર
શ્રી વાયડ માતાજીના આર્શિવાદ છે, વાયડામિત્ર
સ્વજનોની સોગાત છે, વાયડામિત્ર
સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ છે, વાયડામિત્ર

તમામ પેઢીનું માનીતું છે, વાયડામિત્ર
દેશ-વિદેશના જ્ઞાતિજનોનું પથદર્શક છે, વાયડામિત્ર
મિત્ર કરતા પણ વિશેષ છે, વાયડામિત્ર
આવનારી પેઢીનું માર્ગદર્શક છે, વાયડામિત્ર

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ - મુબઈ)જય શ્રી કૃષ્ણ.

જ્ઞાતિવ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે, વાયડામિત્ર
જ્ઞાતિની વિશેષ ઓળખ છે, વાયડામિત્ર
જ્ઞાતિનું વિશિષ્ટ બંધારણ છે, વાયડામિત્ર
જ્ઞાતિની એક્તાનું પ્રતિક છે, વાયડામિત્ર

સુખ–દુ:ખનો સાથીદાર છે, વાયડામિત્ર
જન્મ–મૃત્યુનું સાક્ષી છે, વાયડામિત્ર
ભુતકાળ અને ભવિષ્યનો સેતુ છે, વાયડામિત્ર
સૌની લાગણીના તાંતણે બંધાયેલું છે, વાયડામિત્ર

– રીપલ પરીખ, અમદાવાદ
મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫

## મેઘધનુષ

સોનેરી આકાશે સૂર્યના કિરણોની પીંછીથી,
અર્ધવલયમાં રચ્યુ મને, કાશ આભને પણ ચિત્ર દોરવાનું મન થયું હશે,
અને નવલખા હારની ભેટ આપી હશે.
બાળકો ને મન અજાયબી, ચપટીક વિષમય આંખમાં આંજીને મને નિરખતાં,
નાની નાની મુઠ્ઠીઓમાં, મને પકડવા ધમપછાડા કરતા,
પછી કાગળ પર કેદ કરી જાણે, જીત થઈ હોય તેમ હરખતાં...
વ્હાલમની યાદમાં કે સાથમાં મનમાં રચાતું, વિવિધ લાગણીઓની
હારમાળાનું એ મેઘધનુષ, મન–હૃદય ને કેવું ઠારે છે...
જાણે સાબુથી ધોયલાં; નિચોવી, ધોળાં ધબ્બ થયેલાં,
મનને રંગીન રાખવાનું શિખવતું આ મેઘધનુષ.
ઈચ્છાઓ, સપનાઓ અને લાગણીઓના સથવારે,
કોક ને પ્રેમ આપી ને કે કોક ના પ્રેમ થી ભીંજાઈને,
કોક ના મન–હૃદય માં નવલું મેઘધનુષ રચી શકું, એવી જ એક આશ સાથે...

– ડો. રાકેશ પરીખ, અમદાવાદ.

# Leadership Traits and Skills



- **Leaders will use:**
  Integrity (Talk theWalk), Honesty (Walk the Talk), Compassion, Humility

**Leader is concerned with the interaction of :**

- **Task** – goal setting, methods and process
- **Team** – effective interaction/communication, clarify roles, team morale
- **Individual** – attention to behaviour, feelings, coaching, Professional Development.

## Traits (Qualities)

- Adaptable to situations
- Alert to social environment
- Ambitious and achievement orientated
- Assertive
- Cooperative
- Decisive
- Dependable
- Dominant (desire to influence others)
- Energetic (high activity level)
- Persistent
- Confident
- Tolerant of stress – can manage stress
- Willing to assume responsibility

## Skills

- Clever (intelligent)
- Conceptually skilled
- Creative
- Diplomatic and tactful
- Fluent in speaking ý
- Knowledgeable about group task
- Organised (administrative ability)
- Persuasive
- Socially skilled

**Compiled By Shrenik Parikh, Editor, Vayadamitra**
**M. 97244 48149**

## શબ્દ-સરોવરમાં ડૂબકી....૭



આજની આ શરૂઆત, એક એવી વાતથી કરવી છે કે, તે વાતના પ્રવાહમાં વિચાર વિશ્લેષણની જરૂર પડશે કે પ્રત્યેક વિચાર પછી રજૂ થયેલ (દમદાર ગઝલના) એક પછી એક શેર છે, જે આમ જોવા જઈએ તો સર્વસામાન્ય વ્યક્તિગત અભિગમના પર્યાય છે (individual's Attitude) (વિશે વાત ના કર – સંજુવાળા)

આ ગઝલ (વિશે વાત ના કર)ના શેર શ્રી સંજુવાળાના છે. ઊંડાણમાં આ શેર ખરેખર જોવા જઈએ તો, Management Aspects નું પ્રતિનિધિત્વ કરે એવા છે, Human Attitude ચાર પ્રકારના હોય છે. જે માણસની કાયમી વર્તણૂકમાં અંતે બદલાય છે.

જેને માનવ પ્રકૃતિ કહેવાય છે. સ્વાર્થ પ્રકૃતિકાત્મક, જ્ઞાન પ્રવાહક, ઘમંડ પ્રભાવિત, મૂલ્ય–પ્રવાહક.

સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ તેના અભિગમને, આસપાસની ક્રિયાઓને આ ચારમાંથી એક રીતે જ પ્રતિસાદથી પ્રતિક્રિયા આપે છે. જે આપણે શેર દ્વારા એક પછી એક અભિગમ જાણવાનો પ્રયત્ન કરીશું, તેમ છતાં Human Attitude ચર્ચા માટેનું એક સ્રોત છે જે પ્રત્યેક શેર દ્વારા પ્રમાણિત થશે.

જન્મથી મૃત્યુ સુધીની સફર એટલે કે
બે કૌંસ વચ્ચે ચાલતી આ જિંદગી...
સરવાળે કેટલાક સુખ કેટલાક દુ:ખ
કેટલીક લેણદેણ કેટલીક આપ – લે
કેટલીક ચર્ચા કેટલાક–વિવાદ
કેટલીક હુંસાતુસી – કેટલુક મારું–તારું
કેટલીક વ્યથા – કેટલીક કથા
વિગેરે વિગેરે, અનેક વિવાદો – સંવાદો
અને તેથી ય વધુ આપણા જીવનનો
એક ભાગ થઈને ચાલ્યા આવે છે.

સૌના જીવનમાં આ ઓછાવત્તા પ્રમાણમાં હોવા છતાં સૌ પોતે પોતાના ભાગે આવેલું આ કથાનક અને તેનો દોષ પોતાને જ પોતાના ભાગ્યને જ આપી પોતાની કથની અથવા કથણી સૌને કહેવામાં મશગુલ છે. સંવાદોથી ચાલતી આ કથા મનુષ્ય, કાંતો ઉદાહરણરૂપ રજૂ કરે છે, કાંતો હાસ્યસ્પદ ઘટના તરીકે રજૂ કરે છે.

વાત ના કર

કથાનક 'ને કથણી વિશે વાત ના કર
જીવન છે ભજવણી વિશે વાત ના કર
છે નકલી આ ઊંચાઈને અડચણો સૌ
ચડી જા નિસરણી વિશે વાત ના કર
અહીં જાત સુદ્ધાય કોને જડ્યું છે ?
અરે દોસ્ત ! નથણી વિશે વાત ના કર
ન દેખાડ પરલોકનાં કોઈ સ્વપ્નો
તું નાહક પદમણી વિશે વાત ના કર
તને જે ગમ્યું એ જ તારું યથાતથ
સકરણી, અકરણી વિશે વાત ના કર
સતત છે જે કુંડાના કેકટસમાં તલ્લીન
એને સપ્તપરણી વિશે વાત ના કર
સહુ પોતપોતાની સમજે છે સાઈઝ
ખતા કે ખતવણી વિશે વાત ના કર

– સંજુવાળા

અહીંયા જે કથા કહેનાર છે એટલે કે કથક છે તે પહેલા પ્રકારની વૃત્તિ એટલે કે અભિગમ ધરાવતી વ્યક્તિ છે, તેને માત્ર અને માત્ર પોતાના સ્વાર્થ માટે એટલે કે પોતાનું દુ:ખ હળવું કરવા બીજાને કંક કહેવાની વૃત્તિ છે કે અભિગમ છે.

તમારી બીબાઢાળ જિંદગીની કથાના નાટકની ભજવણી એ તમારી જિંદગીનો જ એક ભાગ છે તેથી એમાં બીજાને શું રસ હોય! તેમાંથી બહાર આવવાનો

પ્રયત્ન કરો તેને અપનાવો અને તેની સાથે કદમ પર કદમ મિલાવી અને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરો. મનુષ્યજીવનમાં અંતે કેન્દ્રમાં તો મનુષ્યનું જીવન અને તે જીવનમાં ચાલતી અનેક પ્રવૃત્તિઓ છે!

લોકોને બતાવે તો એવી રીતે બતાવજે કે
જન્મોજન્મ તે યાદ રહે એક ઉદાહરણ રૂપ !

---

કથાનક 'ને કથણી વિશે વાત ના કર
જીવન છે ભજવણી વિશે વાત ના કર.

જેનામાં જ્ઞાન છે જેમને સમજ પડે છે કે તકલીફ અને મુશ્કેલી એ જીવનનો એક ભાગ છે તેના પડકાર દરેક ક્ષેત્રમાં અને દરેક વર્તુળમાં અલગ અલગ હોય છે અને તેમાંથી બહાર નીકળવાની સંભાવનાઓ પણ ખૂબ જ વિશાળ હોય છે જરૂર છે માત્ર અભિગમની કે જેના દ્વારા આ પરિસ્થિતિમાંથી એ બહાર નીકળી શકાય !

તે પોતે તો પ્રયત્ન કરે જ છે અને એ ઉપરાંત તેની આસપાસના પ્રભાવિત બીજા વ્યક્તિઓને પણ તે તેની જ્ઞાનપૂર્વક સલાહ આપતો હોય છે.

અભિગમને નિર્ધારિત કરતી વખતે, ધ્યાનમાં બે ઉપયોગી વિરોધાભાસને વ્યાખ્યાયિત કરવું અગત્યનું છે. વ્યક્તિ પોતે જ, પદાર્થ અથવા પરિસ્થિતિ પ્રત્યેની અસ્પષ્ટતા ધરાવે છે. એ તેના જ વ્યક્તિત્વમાં રહેલા અભિગમના તફાવતોનું અસ્તિત્વ છે. તે જ વ્યક્તિગત દ્વેષ સૂચવે છે કે હકારાત્મક અને નકારાત્મકના સરળ માપદંડો કરતાં અભિગમ વધુ મુશ્કેલીભર્યો છે અને આ ક્ષણને ઓળખી એ અભિગમના સારને અનુસરવું ખૂબ જ જરૂરી છે.

ખરેખર, ઘણાખરા લોકો તેમના ગર્ભિત અભિગમથી સંપૂર્ણપણે અજાણ હોય છે. તેમનો ચોક્કસપણે અભ્યાસ કરવાની અને અર્થઘટન કરવા કોઈકની મદદ લેવી અતિ આવશ્યક થઈ જાય છે. અભિગમ એ વ્યક્તિના વર્તનને હકારાત્મક અથવા નકારાત્મક અસર કરી શકે છે, પછી ભલે તે વ્યક્તિ પ્રભાવોને જાણતો હો કે નહીં.

રૂપકના રૂપે શેરમાં નજાકતથી કહેવામાં આવ્યું છે કે નિસરણી વિશે વાત

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

ન કરી તારી સામે જ આ ઊંચાઈ અને મુશ્કેલી છે, તે ગંભીર છે મુશ્કેલ છે એવી માત્ર તારી માન્યતા છે તેને જાગૃત કર.

---

છે નકલી આ ઊંચાઈ ને અડચણો સૌ
ચડી જા નિસરણી વિશે વાત ના કર

અગમ જીવનનાં રહસ્યોમાં પોતાની જાત વિશે કેટલાને ખબર પડી છે? પોતે શું છે શું છે? શું કામ આજે પૃથ્વી પર જન્મ લીધો છે? કર્તવ્ય શું છે ? ટૂંકમાં સ્વને ઓળખવાની તમામ ક્રિયાઓ વિફળ રહી છે અને જો તેમાં ક્યાંક પોતાના આવા સ્વભાવ વિશે થોડી ઘણી પણ જો જાણકારી મળી જાય તો જીવન ધન્ય થઈ જતું હોય છે અને આ બધું જાણવા છતાં પણ સ્વયંનો અહમ પરાકાષ્ઠા પર હોય છે. આ થયો અભિગમનો ત્રીજો પ્રકાર !

"હું એટલે એવું ખાબોચિયું જેમાં ડૂબી રહેલું મારું ૬૦મું ચોમાસુ" (જેને જેટલા થયા હોય તેટલા ગણવા)

દરેક વર્ષ આપણે ઉંમર ગણીએ છીએ એટલે ભૌતિક વૃદ્ધિની વાત કરીને આપણે આપણા જન્મદિવસ ઊજવતા હોઈએ છીએ. પોતે જ પોતાનો પ્રાગટ્ય દિન ઉત્સાહથી ઉજવતા હોય છે. એટલો અહમ અને એટલે જ કવિ ખૂબ જ નિર્દેશપૂર્વક નથણીની વાત કરે છે.

અહમ્નું પ્રતિક નાક છે અને નાકનો શણગાર નથણી છે. આમ નથણીની વાત ના કરીશ તેમ કહે છે ?

એટલે કે તારા અહમની વાત ના કરીશ...

આપણે સૌ આ સામુહિક વ્યક્તિત્વમાં વહેંચાઈ ગયા હોવાથી આપણે આપણી જાત ને પણ શોધી શકતા નથી અને વાત...ચિંતાની... નથણી નથી મળતી તેની. આપણને સ્વરૂપની ઓળખતી તમા નથી અને છે માત્ર દેહનું આભૂષણ છે એના માટે ઉહાપોહ કરીએ છીએ. સહેજ પણ પોતાની જાત વિશે નો સાક્ષાત્કાર થાય પછી આ દ્વિધામાંથી થોડા ગણા અંશે આપણે બહાર આવી શકીએ. ખૂબ જ સુંદર રૂપક આપીને, નથણી શબ્દ પ્રયોગ કવિએ કર્યો છે કે આપણે આપણા અસ્તિત્વને ભૂલીને એકનાના આભૂષણને ખોળવા મથી રહ્યાં છીએ.

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

---

અહીં જાત સુદ્ધા ય કોને જડ્યું છે?
અરે દોસ્ત ! નથણી વિશે વાત ના કર

આપણે સમયની સાથે સ્વ-કેન્દ્રિય મૂલ્યોનો વિકાસ કરવો જોઈએ જેનાથી અભિગમની ઊર્ધ્વગતિ થાય છે. આ મૂલ્યો હંમેશા સ્પષ્ટ અથવા સરળ હોતા નથી. હંમેશાં મૂલ્યોના દૃષ્ટિકોણથી તેમના માટે શું મહત્ત્વપૂર્ણ છે તે અંગે જાગૃત હોવું જોઈએ.

આ અભિગમ જ ચોથા પ્રકારનો અભિગમ છે. સારા અને ખરાબ વચ્ચેનો ભેદ પોતાની જાત માટે જો ખબર ન પડે તો વ્યક્તિએ પોતાના એટીટ્યુડ પર જ કામ કરવું જોઈએ. જેમને કેકટસ અને સપ્તપરણી વચ્ચેનો ભેદ નથી ખબર પડતી... કાંટાળા થોર અને ખુશ્બુદાર સપ્તપરણી આ બે વચ્ચેના મૂલ્યનું, મૂલ્યાંકન નથી કરી શકતા તેઓની પરિસ્થિતિ ખરેખર દયાજનક જ હોય છે કે, આવી જાગૃતિ ન રાખવાથી વ્યક્તિગત મૂલ્યો સાથેની સંગઠનાત્મક દૃષ્ટિને પણ હાની જ પહોંચે છે.

તમામ ખોટા પ્રયત્નો એ અસફળતાનું જ પગલું છે, અભિગમના સુવાહક વ્યક્તિઓ તેમની મહત્વાકાંક્ષાઓને પ્રેરણા આપે છે, પ્રતિકૂળતાનો ઉપયોગ કરવાનું જે શીખે છે, પડકારનો સામનો કરવાનું જે પસંદ કરે છે તેને આ થોર અને સપ્તવરણીનો ભેદ ખબર પડે છે. જો તમારી સામે અવરોધો, તમને તમારા લક્ષ્યો પ્રાપ્ત કરવામાં રોકે છે તો તે કોણ છે ? પોતે ! માત્ર અને માત્ર પોતાનો પર્સનલ એટીટ્યુડ જ છે,

---

સતત છે જે કુંડાના કેકટસમાં તલ્લીન
અને સપ્તપરણી વિશે વાત ના કર

રજૂ કરેલા શેર કવિશ્રી સંજુવાળાની ગઝલ "વિશે વાત ના કર" માંથી

**- રસદર્શન અને પ્રવાહ સૂત્રધાર : હરીશ શાહ, વડોદરા,**

**મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨**

**તંત્રી, Vayconnect**

**ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર**

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

# Mount Kailasa - World's largest monolithic architectural marvel



Kailasa Temple, also known as Kailash Temple or Kailasanatha Temple is, an architectural wonder situated in Ellora Caves, Aurangabad, Maharashtra. The Kailasa temple (Cave 16) is one of the 34 cave temples known collectively as the Ellora Caves.

The temple is the real wonder of the world because science is yet to answer how this temple could have been built in ancient time without modern equipment and heavy machines.

**CARVED FROM TOP TO BOTTOM:**

According to a story written in Katha-Kalpataru by Krishna Yajnavalki, when a king was severely ill, his queen prayed to Shiva and vowed to construct a Shiva temple if her prayers were answered. She also promised to keep fast until the shikhara, or peak, of the temple was completed.

The architecture of Kailasa Temple is notable for its vertical excavation, the work started at the top and moved downwards, rolling down the large boulders split from the mountain using steel rod drills. One can see the drill marks on the surrounding walls that are still visible. A megalith carved out of a single rock, the Kailasa Temple is the only

Structure in the world that is craved from the top to bottom. Every single design and Measurement was planned very accurately as once its cut there was no chance to change it by adding any extra stone or piece of rock. The temple stands 60 feet (18.29 meters) tall and 200 feet (60.69

meters) wide. The temple has U-shape and is three stories tall.

Legend has it that nearly 400,000 tonnes of rock was removed to construct this monolithic structure. Now think how 400,000 tons of heavy rock was scooped out by using equipment

like hammer and cutters. Kailasa Temple, also known as Kailash Temple or Kailasanatha Temple is, an architectural wonder situated in Ellora Caves, Aurangabad, Maharashtra. The Kailasa temple (Cave 16) is one of the 34 cave temples known collectively as the Ellora Caves.

The temple is the real wonder of the world because science is yet to answer how this temple could have been built in ancient time without modern equipment and heavy machines.

**BUILT IN 18 YEARS ONLY:**

The archaeologists had calculated that it would have taken more than a hundred years to finish the temple construction. But in reality it took only 18 years to complete it. The rock cut temple was cut in U-shape about 50 metres in the back. Everyone is trying to understand how the temple was built, cut out of the rocks, by using ancient traditional methods without using any modern technology with in that short period of time.

There are two Dhwajasthambha (pillars with flagstaff) in the courtyard. It has proper drainage and rainwater harvesting system that most of our model cities lack.

The Kailasa Temple is also noteworthy for numerous sculptures. There is an image of Nandi facing the Shiva lingam in the main courtyard. Elephant sculptures can be seen at the base of the temple that gives an impression that the whole structure is being supported on the backs of these beasts.

There are 10 panels depicting the different avatars of Shri Vishnu. Some panels are also dedicated to Mahabharat and the Ramayan. There is also a sculpture of Ravan trying to lift Mount Kailash.

Archaeologists also estimate that there are more than 30 million Sanskrit carvings and these are yet to be translated. If they could unlock the hidden meaning of the language, the temple can become one of the most valuable historical artifacts on Earth.

The temple has a circular design that is studded with four lions. These four lions create this huge X mark. Was this X mark created so that one can spot the location while flying?

**THE TEMPLE COULD NOT BE DESTROYED:**

Mughal King Aurangzeb who destroyed thousands of Hindu temple, also tried to destroy Kailasa temple. It is said that 1000 people were sent to destroy the temple in the year 1682. They worked for 3 years but they could break and disfigure a few statues only. Aurangzeb finally gave up on this task realizing that it was impossible to completely destroy the temple as the rock was simply too hard to demolish, even though artisans used only hammers, chisels and picks to construct it.

Time to explore the secret in our very own backyard.

**- Riddhi Bhavesh Shah Bhuj, Kachchh**

**M. -97144 58955**

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## આવું ઘણું ખોઉં છું.



અમારી અગિયારમી લગ્ન નિમિત્તે હું વિનીને હેન્ડલુમ હાઉસમાં સાડી અપાવવા લઈ ગયેલો. હેન્ડલૂમ હાઉસમાં જવું મને ગમે છે. સાડીઓ ખરીદવા નહિ પણ ત્યાંના વાતાવરણને કારણે. સુંદર સજાવટ, આકર્ષક વસ્તુઓ, રંગબેરંગી ખરીદનારાઓ અને એ બધાનીયે ઉપર તેની 'સેલ્સ ગર્લ્સ' કે 'સેલ્સ વુમન'. તમને થતું હશે કે હું રસિક થતો જાઉં છું. પણ, અગિયારમી લગ્નતિથિ સુધી તો પુરુષ રસિક રહી શકે ને ?

હા, પણ વાત મારી નથી, વિનીની છે. મારો આગ્રહ પ્યોર સિલ્કની એક સાડી લેવાનો હતો. ઘણી ડિઝાઈનો જોઈ પણ અમને બંનેને પસંદ પડે તેવી એક પણ ન મળી. છેવટે મે તોડ કાઢ્યો કે પ્લેન, ક્રિમ કલરનું પ્યોર સિલ્ક લેવું પછી તેના પર મનપસંદ ડિઝાઈન પ્રિન્ટ કરાવી લઈશું કે ગાંધી માર્કેટમાં ભરત માટે આપી દઈશું. વિનીએ વાત સ્વીકારી લીધી.

એક–બે વખત સાવ સાદી સાડી પણ વિનીએ પહેરેલી. એ પણ શોભતી હતી. ડિઝાઈન છપાવવાનાં કે ભરાવવાની વાત ઠેલાતી હતી અને પછી તો એ વાત પણ હું ભુલી ગયો.

કેટલાંક મહિના પછી અચાનક મને એ સાડી યાદ આવી મેં કહ્યું. ચાલ પેલી સાડી લઈને આજ ગાંધી માર્કેટમાં જઈ આવીએ ? વિની એ સાંભળી મારી સામે જોઈ રહી, મૌન રહીને મેં કહ્યું આમ, મારી સામે જોઈ શું રહી છે ? ચાલ ને ! સાડી મળતી નથી. ક્યાંક આડીઅવળી મુકાઈ ગઈ છે કે? મારું મગજ ગરમ થવા લાગ્યું.

લગ્નિ તિથિની યાદમાં પ્રેમપૂર્વક ભેટ આપેલી સાડીની અને જરાયે દરકાર ન હોતી! ક્યાંક મૂકી દીધી છે કે ખોવાઈ ગઈ છે ? કે ચોરાઈ ગઈ ? મારી પાસે સત્ય વાત કરતાં એ ડરતી હોય એમ એ સંકોચાતી હતી. 'લગ્નજીવનમાં કલહ, કંકાસ અને કડવાશ વાવવામાં પહેલ તમે સ્ત્રીઓ જ કરો છો. એ વાતમાં મને હવે શંકા નથી રહી.' એવું કશું બબડતો હું મારી બ્રીફકેસ લઈને ચાલતો થઈ ગયો.

થોડા દિવસો અમારા મન ઉંચા રહ્યાં. મારો સ્વાભાવિક વ્યવહાર ઔપચારિક થઈ

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

ગયો. જરૂર કરતાં વધારે શબ્દો મોઢામાંથી બહાર નીકળતા નહિ. એ પણ ભયભીત જેવી ફર્યા કરતી. મારાથી બરવા દૂર દૂર રહેતી. પણ, સમય જેવું કોઈ ઓસડ નથી. એ પ્રસંગ પણ ધીમે ધીમે ભૂલાવા લાગ્યો.

એ અરસામાં અમારા બુઝુર્ગ મોટર ડ્રાઈવર શર્માજી ગામમાં ગયેલા. મને સેલ્ફ ડ્રાઈવિંગની ફાવટ નહિ. હિમ્મતેય નહિ. એટલે તકલીફ પડતી. ટેક્ષીનો આશ્રય લેવાનો. અંગત કાર જેવી સગવડતા અને સુગમતા નહિ. પણ, સમય આવ્યા પ્રમાણે એમના ઉત્તર પ્રદેશ મથુરાથી શર્માજી પાછા આવી ગયા. સવારના પહોરમાં જ ઘેર આવ્યા. હું છાપું વાંચતો હતો. વિની સામે શાક સમારતી હતી. આવીને શર્માજી વિનીને સંબોધી બોલવા લાગ્યા.

'બહેનજી આપ લોગોં કી કિરપાસે લાલી કી શાદી અચ્છી તરહસે હો ગઈ.' શર્માજી તેની પુત્રીનાં લગ્ન કરવાં ગામ ગયેલા. હું તેમના શબ્દો સાંભળી રહ્યો હતો. 'આપને જો સાડી દી થી ઉસમેં લાલીને ભરતકામ કરા થા ઔર શાદી કે ટાઈમ પહની થી. સાડી ઈતની બઢિયા લગ રહી થી કે સારે લોગ પૂછ રહે થે કી ઐસી કિંમતી સાડી કહાંસે લાયે હમ લોગ ! મૈંને બતા દિયા કી વહ તો હમારી બહેનજી કી કિરપા હૈ. હમારી લાલી તો ઈતની ખુશથી બહેનજી કી કુછ બતા નહિ શકતા. યહાં ભી જલ્દી સે લાલી આવેગી.'

હું તો સ્તબ્ધ થઈ. આશ્ચર્યચકિત થઈ એ શબ્દ વર્ષા ઝીલી રહ્યો. મારા મનનું આકાશ સ્વચ્છ થઈ ગયું. વાદળો વિખરાઈ ગયાં, હૃદય ભીનું થઈ ગયું. વિનીની આંખો પણ ભીની લાગતી હતી. એ સાડી ખોવાઈ ન હોતી, ચોરાઈ ન હોતી, પણ એક કોડીલી કન્યાના પીઠીવાળા દેહ પર ચડીને શોભી હતી. સાર્થક થઈ હતી અને સાથે સાથે એ અમારા માટે હૃદયના આશીર્વાદ પણ લઈ આવી હતી. શર્માજીના ગયા પછી મેં સ્નેહભર્યા સ્વરે વિનીને કહ્યું – 'તેં મને સાચી વાત કેમ ન કરી ?' 'મને બીક લાગતી હતી. તમે ગુસ્સે થાવ તો ?' 'એટલો બધો ખરાબ છું.' 'મે સાચું કહ્યું હોય તો તમે ખરેખર ગુસ્સે થયા હોય ?' વિનીએ ઉત્સાહથી પૂછયું. 'ના, ના જરાપણ નહિ.' 'તો એક વાત કહું ?' પત્નીએ પૂછયું. 'કહે'. કહેતા હું આશ્ચર્યથી તેની સામે તાકી રહ્યો 'આપણા પર ઈશ્વરના આશીર્વાદ ઊતરે એટલા માટે હું આવું ઘણું ઘણું ખોઉં છું.'

– દિલીપ શાહ, મુંબઈ

# કળાત્મક બાળ ઉછેર – Series 1



અર્પી : અરે દિવ્યા આ જોને મારી દીકરી ના એક જગ્યાએ બેસે છે, ના તો મારું કશું સાંભળે છે, ના ટીવી કે મોબાઈલ વિના જમે છે, આખો દિવસ કાર્ટૂન જોયા કરે છે અને હું કહું એનાથી ઊંધુ જ કરે છે. હું તો કંટાળી ગઈ છું.

દિવ્યા : અર્પી, હું એક પ્રશ્ન કરું તને ? શું તને અને તારા પતિને ટીવી જોવાનો શોખ છે ? શું તમે તમારી દીકરી જોડે રમવાના બદલે આખો દિવસ ટીવી–મોબાઈલ માં વ્યસ્ત હો છો? શું તમે બધા ફળ શાકભાજી ભાવે કે ન ભાવે ખાવ છો કે પછી ન ભાવવાવાળા અલગ કાઢો છો ?

અર્પી : અમે આખો દિવસ અમારા કામમાં મોબાઈલ તથા ટીવી પર વ્યસ્ત હોઈએ છે. અમને ટાઈમ નથી મળતો અને મને પોતાને અડધા શાકભાજી નથી ભાવતા. હું બનાવતી જ નથી. ભૂલથી બને તો બાજુમાં કાઢી દઉં છું.

દિવ્યા : બસ તો પછી અર્પી તે જ તારા સવાલનો જવાબ આપી દીધો છે.

શું તમને ખબર છે કે બાળકો આપણને જોઈએ શીખે છે નહીં કે આપણી સલાહ સાંભળીને. આપણે જે કહીશું એના કરતાં આપણે જેમ કરીશું એનું અનુકરણ બાળક જલ્દી કરશે. આપણે સાયન્સમાં ઘણી વાર કહીએ છીએ કે પ્રેકટીકલ કરવા પડે, થિયરી કામ ના લાગે, બસ એ જ રીતે અહીંયા બાળક સાથે પણ એ જ વાત અપ્લાય થાય છે. આપણે બાળકમાં જે ગુણોનું સિંચન કરવું હોય એ આપણે સ્વયં જ અપનાવવા પડે છે પછી જ તે આપણું સરળતાથી અનુકરણ કરે છે.

એક પ્રસંગ છે કે – બાળકે એના રમકડા રમીને આખા ઘરના ડ્રોઈંગરુમમાં પાથર્યા છે, હવે જો હું એને કહીશ કે બેટા ચલો હવે બધુ ભરી દો આ ડબ્બામાં ઓર્ડર ની જેમ. તો અચૂક એ સલાહ નહિ માને અને આપણી પર ગુસ્સો કરશે.

એની જગ્યાએ જો આપણે એવું કહીએ કે ચલ બેટા, આપણે બે જણ ભેગા થઈને આ બધું મુકી દઈએ, તું મને આપ, હું ભરી કાઢું તો પછી તે ખુશીથી આપણી સલાહ

સ્વીકારશે અને મદદ કરશે. બાળકને થશે કે મમ્મી કરે છે તો પછી લાવ હું પણ રમકડા મૂકી દઉં. બાળકના મગજમાં એક ન્યુરોનલ સર્કિટ પણ બની જશે કે આપણે જો રમકડા રમી લીધા હોય તો પછી સ્વયમ એની જગ્યા પર મૂકીને, જગ્યા સ્વચ્છ તથા સુઘડ કરવી. ચોખ્ખી થઈ જાય પછી બાળકને એની જાતે સ્વચ્છતા અનુભવવા દેવાની જેથી એને સારા ખોટાનો તફાવત કરતા આવડે. એક વાર, બે વાર, ત્રણ વાર કરશો પછી ચોથી વાર એને કહેવું પણ નહીં પડે.

એ જ રીતે જો આપણે પણ મોબાઈલ, ટીવી બંધ કરીને એના જોડે રમીશું. તેના પ્રત્યક્ષ બધા ફળ શાકભાજી ખાઈશું તો એને બહુ સરળતાથી મગજમાં બેસી જશે કે આ ખાવું જોઈએ તથા આ ના ખાવું જોઈએ. બાળક જોઈ જોઈને એટલું સરળતાથી બધુ શીખી જશે કે સલાહ આપવાનો વારો જ નહીં આવે.

માટે સાચું જ કહ્યું છે કે – 'બી ધ ચેન્જ' જે તમને તમારા બાળકમાં જોઈએ છે.

- Regards Ar. Divya Parikh
1 Venudhar Society, Gulbai Tekra, Ahmedabad-380015
Email - divya24789@gmail.com
Ph No: 94281 67864



## સ્વર્ગ – નર્ક



યમદૂત એક દૂબળા પતલા, મેલા, લઘર વઘર માણસને યમદેવ પાસે લાવ્યો. દૂતે જણાવ્યું કે આ માણસનું પૃથ્વી પર આયુષ્ય પુરૂ થયું છે અને તેનું મૃત્યુ થયું છે તો એને આપની પાસે લાવ્યો છું. આપ એને એના કર્મ પ્રમાણે યોગ્ય સજા કરો. યમદેવે તેના કર્મો જોઈને હુકમ કર્યો કે તેને નરકમાં લઈ જાવ. પેલા માણસે હસતા મુખે યમદેવનું કહયું કે હે યમદેવ, હું પૃથ્વી પર પહેલેથી જ નર્કની યાતના ભોગવી ચૂકેલ છું. એનાથી આપના નર્કની યાતના વિશેષ નહિ હોય. યમદેવ વિચારમાં પડયા કે બીજા બધા માણસો જેઓ મૃત્યુ પછી અહીં આવે છે તેઓ નર્કની સજાનું નામ સાંભળતા જ ધ્રુજી ઉઠે છે તો આ માણસને નર્કની સજાની કાંઈ અસર થતી નથી. યમદેવે ખૂબ વિચાર કરી નક્કી કર્યું કે દૂતોની એક કમિટી બનાવવી અને પૃથ્વી પર તપાસ કરવા મોકલવી કે આમાં એવું તો શું તથ્ય છે કે નર્કની સજાની આ માણસને કાંઈ અસર થતી નથી.

યમદેવના દૂતો નિરિક્ષણ કરવા પૃથ્વી પર આવ્યા. તેમણે સાધારણ માણસોના વસ્ત્ર પહેર્યા જેથી તેઓ કોઈ ઓળખી ન શકે પહેલા તેઓ વૈભવી અને ધનાઢ્ય લોકો રહેતા હતાં ત્યાં આવ્યાં. ત્યાં તેમણે વિશાળ જગ્યામાં ઝગમગાટ અને ભવ્ય શણગારેલ મંડપ જોયો. ત્યાં સુંદર વસ્ત્રો અને કિંમતી આભુષણો પહેરેલા સ્ત્રી તથા પુરુષોને જોયા. ત્યાં ઉભેલા એક માણસને દૂતોએ પૂછયું કે આ બધા માણસો આવા સરસ સરસ વસ્ત્રો તથા કિંમતી આભૂષણો પહેરીને ક્યાં જાય છે ? પેલા માણસે કહ્યું કે આ માણસો અહીંના મોટા રાજકારણી છે તેમની છોકરીના આજે લગ્ન છે એટલે મોટા મોટા વી.આઈ.પી માણસો લગ્નમાં જાય છે. યમદૂતોએ વિચાર કર્યો કે આપણે પણ ત્યાં જવું જોઈએ અને જોવું જોઈએ કે અંદર લગ્નમાં શું ચાલે છે. યમદૂતો ત્યાં મોટા પાર્ટી પ્લોટમાં ગયા કોઈએ તેમને ઓળખ્યા નહિ. અંદર જઈને જોયું તો પાર્ટી પ્લોટ ભવ્ય રીતે શણગારેલો હતો. જાતજાતની લાઈટો ઝગમગાટ કરતી હતી. અવનવા ફુલોથી મંડપ શણગારેલો હતો. મંડપ આખો

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સુંગધથી મહેકી રહ્યો હતો. સુમધુર સંગીત ગૂંજતું હતું. જાણે સ્વર્ગ જેવું વાતાવરણ હતું. જાતજાતની વાનગીઓ, ઠંડા પીણા અનેક જાતના આઈસ્ક્રીમ તથા શરાબની છોળો ઉડતી હતી. લોકો મદમસ્ત થઈને ઝુમતા હતાં. આવું સરસ વાતાવરણ જોઈ અમને થતું કે અહીં લોકો કેટલા સુખી છે અને કેવું સરસ જીવન જીવે છે. ઘડીક તો તેઓ ભૂલી ગયા કે પૃથ્વી પર માણસો કેવી રીતે જીવે છે. તેનો અભ્યાસ કરવા માટે આવ્યા છીએ.

હવે તેઓ બીજા વિસ્તારમાં આવ્યા જ્યાં લોકો રહેતાં હતાં. તે ઝુંપડપટ્ટીનો વિસ્તાર હતો. અહીં અપાર ગંદકી હતી. લોકોના તન પર પૂરતા કપડા પણ પહેરેલા ન હતાં. દારૂણ ગરીબીમાં લોકો જીવન જીવતાં હતાં. જે માણસ મૃત્યુ પામ્યો હતો અને યમદેવ પાસે બોલાવવામાં આવ્યો હતો તેનું ઘર તેમણે શોધી કાઢ્યું. નાની સરખી ઝુંપડીમાં તેની પત્ની તથા બે નાના બાળકો તેમાં રહેતા હતા. અંદર ગયા તો નવાઈ લાગી. તેની પત્ની અત્યંત મેલી અને ફાટેલી સાડી પહેરેલી હતી. છોકરાઓના તન પર કપડા પણ ન હતાં. ઘરમાં કાથીનો તૂટેલો પલંગ હતો. બીજું કોઈ સાધન ન હતું. છોકરાઓ એક વાંકી વળી ગયેલી થાળીમાં ત્રણ – ચાર દિવસનો અડધો રોટલો પાણી સાથે ખાઈ રહ્યાં હતાં. આવું દ્રશ્ય જોઈને અમને નવાઈ લાગી અને દુઃખ પણ થયું કે આ લોકોને રહેવા માટે ઠીક ઘર પણ નથી. પહેરવા માટે પૂરતા કપડાં પણ નથી અને ખાવા માટે પૂરતું ભોજન પણ નથી. આ લોકો કેવી દારૂણ દશામાં જીંદગી જીવે છે. આના કરતાં અમારૂં નર્ક પણ સારું છે. હવે અમને પેલા મૃત્યુ પામેલા માણસને કેમ નર્ક સારૂ લાગે છે તે સમજાયું. અમને દયા આવી અને આંખમાં ઝળહળીયા આવ્યા. આવા તો પૃથ્વી પર ઘણા લોકો દારૂણ જીંદગી જીવે છે.

બીજે દિવસે પૃથ્વી લોક છોડીને યમદેવ પાસે આવ્યા અને જે પ્રમાણે પૃથ્વી ઉપર જોયું તેનું વિગતવાર વર્ણન કર્યું. હવે યમદેવને પણ ખ્યાલ આવ્યો કે મૃત્યુ પામેલો પેલો માણસ નર્કને કેમ પસંદ કરે છે. યમદેવે તુરત જ દૂતોને હુકમ કર્યો કે આ માણસની નર્કની સજા માફ કરો. કારણ કે તેમણે પૃથ્વી ઉપર નરક કરતાં પણ અત્યંત ખરાબ જીંદગી ગુજારી છે.

– પરિમલ એન. શાહ, ભરૂચ

(મો.) ૯૭૨૪૪ ૬૫૯૭૪

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## સમવૃત્તિ પ્રાણાયામ - Box Breathing



એક એવી સ્થિતિની કલ્પના કરો કે જેમાં તમારે ઓફિસમાં મહત્વની મીટીંગ છે. સમયસર પહોચવું અત્યંત જરૂરી છે. મીટીંગમાં શું થશે એના વિચારોથી આમ પણ તમે પરેશાન છો. ઓફિસમાં પહોચવાનો સમય થઇ ગયો છે અને ગાડીની ચાવી મળતી નથી. આ એક તનાવપૂર્ણ સ્થિતિ છે. વર્તમાન સમયમાં આ અને આવા પ્રકારની અનેક તનાવપૂર્ણ સ્થિતિનો આપણે સામનો કરતા હોઈએ છીએ. અલબત્ત વિકાસ માટે થોડો તનાવ, (Positive Stress) આવશ્યક છે પણ સતત તનાવજન્ય સ્થિતિમાં રહેવું એ શારીરિક તેમ જ માનસિક સ્વાસ્થ્ય માટે હિતાવહ નથી. શારીરિક સ્તરે વ્યક્તિ હાઈ બ્લડપ્રેશર, હ્રદયરોગ, અનિદ્રા તેમ જ માનસિક સ્તરે ડીપ્રશન, બેચેની, વ્યગ્રતાનો અનુભવ કરી શકે છે.

શું આ સ્થિતિમાંથી મુક્ત થઇ શકાય? જરૂર થઇ શકાય. માર્ગો ઘણા છે, પણ સૌથી સરળ અને સતત ઉપલબ્ધ જે રસ્તો છે, તે છે – શ્વસન ક્રિયા. સંશોધનોથી એ પૂરવાર થયું છે કે, શ્વાસ અને મનની સ્થિતિ સાથે સીધો સંબંધ છે. મનની સ્થિતિ જેમ બદલાય જેમ કે – ક્યારેક મન શાંત, એકાગ્ર હોય તો ક્યારેક વ્યગ્ર કે ચિંતાની અવસ્થામાં હોય. આ બન્ને સ્થિતિમાં શ્વાસ લેવાની રીતમાં ફરક થઇ જાય થઇ જાય છે. એનાથી વિપરીત પણ સાચું છે કે, શ્વાસ લેવાની રીતને બદલવાથી મનની સ્થિતિને બદલી શકાય છે.

Breathe like a Navy Sea, Air and Land. (SEAL)

યોગમાં સ્વસ્થ શરીર અને મનને શાંત રાખવા માટે કેવી રીતે શ્વાસ લેવો એની અનેક રીત બતાવવામાં આવી છે. અગાઉના અંકોમાં આપણે ભ્રામરી શ્વસન, અનુલોમ વિલોમ, ઉદરીય શ્વસન વગેરેનો ઉલ્લેખ કરી ચૂક્યા છીએ. આજે આપણે શ્વસનની એક વિશેષ ક્રિયા શીખવાની છે.

અમેરિકન Navy Seal કઠીન કાર્યોને સફળતાપૂર્વક પાર પાડવા માટે વિશ્વમાં પ્રસિદ્ધ છે. તેઓ સતત તનાવપૂર્ણ સ્થિતિમાં, અનિશ્ચિતતાઓની વચ્ચે રહીને કપરા કાર્યો કુશળતાપૂર્વક કરતા હોય છે. આ સ્થિતિમાં મનને શાંત અને એકાગ્ર રાખવા માટે તેઓ જે

શ્વસન ક્રિયાનો અભ્યાસ કરે છે તે છે, Box Breathing. જે Square Breathing કે સમવૃત્તિ પ્રાણાયામ તરીકે પણ ઓળખાય છે.

સમવૃત્તિ, Box Breathing કરવાની રીતઃ

૧) સીધા બેસો

૨) કરોડરજ્જુ સીધુ રાખો

૩) હાથ ઢીંચણ ઉપર રાખો.

આ ક્રિયા ચાર ચરણમાં વહેંચાયેલી છે. ક્રિયા શરુ કરતા પહેલા થોડા સામાન્ય શ્વાસનું નિરીક્ષણ કરો.

૧) પ્રથમ ચરણમાં ૧,૨,૩,૪ ગણતા શ્વાસને અંદર ભરો.

૨) બીજા ચરણમાં ૧,૨,૩,૪ ગણતા શ્વાસને અંદર રોકો.

૩) ત્રીજા ચરણમાં ૧,૨,૩,૪ ગણતા શ્વાસને બહાર કાઢો.

૪) ચોથા ચરણમાં ૧,૨,૩,૪ ગણતા શ્વાસને બહાર રોકો.



– જો ૪ સેકંડ શ્વાસ રોકવામાં તકલીફ પડે તો ૨ કે ૩ સેકંડ સુધી રોકી શરૂઆત કરવી પછી સમય વધારવો.

– સમગ્ર ક્રિયા દરમ્યાન ક્યાંય ઉતાવળ કે બળ વાપરવું નહી.

– સહજ રીતે થાય એ રીતે કરવું.

– ખાલી પેટે અર્થાત ભોજનના ૩ થી ૪ કલાક પછી ક્રિયા કરવી.

– ૨ થી ૫ મિનીટ અને દિવસમાં ૩ થી ૪ વખત કરવું.

– આ ક્રિયા ગમે ત્યારે, ગમે ત્યાં બેસીને કે સૂઈને પણ થઇ શકે છે.

સમવૃત્તિ, Box Breathing ના ફાયદા

વર્તમાન ભાગદોડભરી જીંદગીમાં મહત્વપૂર્ણ છે, how to manage stress ? સાધારણ રીતે શારીરિક નહી પણ માનસિક તનાવ વધી જતો હોય છે. Stress Management માટેની ઘણી ક્રિયાઓ છે પણ તે કરવા માટેનો સમય મળતો નથી. એ સ્થિતિમાં સમવૃત્તિ કે Box Breathing નો અભ્યાસ તનાવને દૂર કરવા માટેનો સરળ તેમ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. આ ક્રિયાનો થોડા સમય માટેનો અભ્યાસ પણ શરીરને સ્વસ્થ અને મનને શાંત કરે છે. ઉપરાંત વિષાદ, હતાશાને પણ દૂર કરે છે અને મનને સકારાત્મક બનાવે છે. મનની એકાગ્રતાને વધારનારી આ ક્રિયા અનિદ્રા, ગાઢ નિદ્રા ન આવવી એ સ્થિતિમાં પણ ઘણી જ ફાયદો આપનારી છે.

તો રાહ કોની જુઓ છો ? સમવૃત્તિ પ્રાણાયામનો અભ્યાસ કરવા માટે તૈયાર થઈ જાઓ.

**– ડૉ. પ્રજ્ઞા શાહ**
**વડોદરા**
**મો. ૯૯૨૪૧૬૫૬૩૦**

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

## સંશય



મનુષ્ય સામાજીક પ્રાણી છે. કુદરતી રીતે આપણા સૌ માં શંકા આશંકા સંશય અલગ અલગ પ્રમાણમાં હોય છે. લાગણીનો ભંડાર ભરેલો છે સાથે નફરતની લહેર પણ આપણામાં દોડે છે. કોઈપણ વાતમાં સંશય થવો એ જે તે વ્યક્તિનો અંગત અધિકાર છે. આપણે દૂધે ધોયેલા નથી, સર્વગુણ સંપન્ન નથી, સર્વજ્ઞ નથી. હજુ ઘણું શાસ્ત્રો પુરાણો વિષે જાણવાનું છે. શીખવાનું છે. તે બાબતમાં ઉંમરનો બાધ હોતો નથી. ઘણાને કારણસર સંશય થાય છે ઘણાને વગર કારણે સંશય થાય છે. સહદેવને ભગવાન કૃષ્ણની આ ભૂમિકા પર સંશય થયો હતો. પાંડુરાજાનો અગ્નિ સંસ્કાર થઈ રહ્યો હતો તે સમયે પોપટે આવીને વાણી ઉચ્ચારી જે પાંડુ રાજાનું કલેજુ ખાશે તે ત્રિકાળજ્ઞાની થશે. ભગવાન સ્વયં વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ આવે છે ઓ મારા પાંડુરે કહીને ખરખરો કરે છે અને ચિતામાં પડવાની કોશીશ કરે છે સહદેવ વાત સમજી જાય છે ઝડપથી દોડી જેવુ કલજુ બળીને નીચે પડવા માંડયુ કે તરત જ સહદેવે તેને માટલામાં ઝીલી તેની વરાળ પોતે મોમાં લઈ માટલાને ફેકી દઈ કલેજાના બાકીના ભાગ પર માટી ફેરવી દીધી અને પછી કૃષ્ણ ભગવાને ઓળખી બૂમ મારે છે હો... ઓળખી ગયો તમને કૃષ્ણ ! ભગવાને તાત્કાલીક સહદેવ પાસે વચન લીધુ તારે કોઈ પૂછે તો જ કહેવાનું પૂછયા વગર કાંઈ કહેવાનું નહીં. સહદેવ વચન લીધુ. અમારા ભાઈઓ, માતા, પત્નીઓમાંથી કોઈ મરે તો તમારે મરવાનું. ભગવાનની આ લીલા પાછળ આપણને પણ સંશય થાય કે પ્રભુએ આમ શા માટે કર્યું? ભગવાનની દરેક લીલા ન્યારી છે ઉદ્દેશ્ય પૂર્ણ છે લોક કલ્યાણ અર્થે હોય છે સ્વાર્થપૂર્ણ લીલા પ્રભુ કરતા નથી. દેવોનું કલ્યાણ પ્રભુ તાત્કાલીક કરે છે જો સહદેવ બતાવી દે તો ભગવાનનાં અવતાર કાર્યમાં મોટું વિઘ્ન આવી શકે તે માટે શ્રીહરિએ સહદેવને વચનબધ્ધ કર્યો અને પોતે પણ વચનબધ્ધ થયા.

શિવજીનાં અવતાર સમા શુકદેવજી અભિમન્યુ સુત પરિક્ષિત ને જયારે શ્રીમદ્ ભાગવતજીની કથાનું રસપાન કરાવી રહ્યાં હતાં તે સમયે શ્રી શુકદેવજીનાં પિતાશ્રી

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ-માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

વ્યાસમુનિ ત્થા તેમનાં દાદાશ્રી પરાશર મુનિ પણ હાજર હતાં. સંશય ઉભો થઈ શકે કે જેની પાસે શ્રીમદ્ ભાગવતજી નું જ્ઞાન મળ્યુ અને જ્ઞાનદાતાના પિતાશ્રીને કથાશ્રવણ કરવાની શી જરૂર એ બધા તો પરમજ્ઞાની હતાં. શ્રીહરિની કથા અનંત છે સાંભળવાની વારંવાર ગમે છે અનેક ઋષિઓ હાજર હતાં. વૈષ્ણવો હાજર હતાં અહીં સંશય થઈ શકે કે શુકદેવજીની કથામાં વૈષ્ણવો પણ હતાં તે કયા વૈષ્ણવ ભગવાન વિષ્ણુના અનુયાયી એટલે વૈષ્ણવ ભગવાનનાં અવતારોનાં અનુયાયી બધા વૈષ્ણવ છે. પુષ્ટિમાર્ગ તો છેલ્લા ૫૪૫ વર્ષથી અસ્તિત્વમાં આવ્યો હશે (લગભગ) વૈષ્ણવો તો પહેલેથી જ છે. મંગલમય પ્રભુની કથા સાંભળવા વ્યાસજી ત્થા પરાશરજી પણ ઉપસ્થિત થયા હતાં તેમની છાતી ગજગજ ફુલે છે મારો દિકરો! મારો પૌત્ર શ્રી હરીની લીલાનું કેટલું સુંદર ગાન કરે છે. આજ શ્રીમદ્ ભાગવતજીની કથા સાંભળતા તલ્લીન શ્રી પરિક્ષિતજીને સંશય થાય છે કે શ્રીકૃષ્ણ ભગવાને રાસલીલા જેવી લીલા ગોપીઓ સાથે શા માટે કરી? લોકલાજની પરવા ન રાખી કામલીલા કરી. આ સંશયની વાતનું નિરાકરણ શ્રીશુકુદેવજી પ્રભુનું વ્યકિતત્વ કામ તેમને વશ કરી શકતો નથી પ્રભુનો પ્રભાવ શ્રીકૃષ્ણ વિશે પુરતું જ્ઞાન આપી શ્રી શુકદેવજીની શંકાનું નિવારણ કર્યું અને શ્રી હરી વિશેનો નિશ્ચય, શ્રધ્ધા દઢ કરાવી.

અહીં આપણને સંશય થઈ શકે કે ઉત્તરાનાં ગર્ભમાં ભગવાન શ્રીકૃષ્ણએ પરિક્ષિતજી રક્ષા કરી બ્રહ્માસ્ત્રનું તેજ ખત્મ કર્યું તેમને જીવનદાન આપ્યું પ્રભુનો સાક્ષાત્કાર થયેલો છતાં આવો ભ્રમ, આવો સંશય પરિક્ષિતજીને કેમ થયો? પાંડવકુટુંબનાં આ પરિક્ષિતજીને શુકદેવજીની વાણીની ઉપરવટ કેમ આવો વિચાર આવ્યો તો સમજવું કે જે કાંઈ થાય છે તે પ્રભુની ઈચ્છાથી જ થાય છે તેને કોઈ રોકી શકતુ નથી મનને કાબુમાં રાખવું સહેલું નથી. અંતે પરિક્ષિતજીને જ્ઞાન થયું અને મનમાં પસ્તાવો પણ થયો. કર્તાહર્તા શ્રીહરી જ છે. આપણે બધા વ્યવહારમાં બોલીએ પણ છીએ કે ધાર્યું તો ધણીનું જ થાય છે. આ ધણી એટલે આપણાં શ્રી ઠાકોરજી એટલે જ શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રી ઠાકોરજી (શ્રીહરી) સર્વ સમર્થ છે.

ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તરાનાં ગર્ભમાં ગયા પણ દેવકીજીનાં ગર્ભમાંથી રોહિણીનાં ગર્ભમાં બલરામજીનું સંકર્ષણ કરવા યોગમાયાને આજ્ઞા કરી. પોતે ધારત તો

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

પોતાની ઈચ્છા માત્રથી તે કાર્ય થઈ શક્ત.

અહીં સંશય થાય કે પ્રભુએ યોગમાયાની મદદ શા માટે લીધી પ્રભુ યોગમાયાના સ્વામી છે માલીક છે શેઠ છે તેમની આજ્ઞાનું પાલન કરવું રોજ યોગમાયાનું કર્તવ્ય છે. શ્રીમદ્ ભાગવતજીમાં પ્રભુએ યોગમાયાને વચન આપ્યું કે તું જુદા જુદા નામે લોકોમાં પૂજાશે આપણે જોઈ રહ્યા છીએ નવરાત્રિમાં માતાજીનું પૂજન અર્ચન થાય છે. પુષ્ટિમાર્ગમાં શ્રી યમુનાજીનું નામ લેવાય છે યમુનાજીનું સ્થાપન પૂજન થાય છે. સો સોમયજ્ઞો પૂરા થયા બાદ શ્રી મહાપ્રભુજી આ ભૂતલ પર પ્રકટયા છે. ભગવાન શ્રીકૃષ્ણની પણ ચૌલવિધિ થઈ છે ભગવાને પણ દ્વારીકામાં વાસ્તુપૂજન કર્યું હતું લગ્નવિધિ પણ કરી હતી. ભગવાન કૃષ્ણે પાસુ બદલ્યુ ત્યારે પણ નંદજીએ મહોત્સવ કરેલો ભગવાનની બાળપણની દરેક શારીરીક ગતિવિધિ પર નંદજીએ આનંદ મહોત્સવ દાન પુણ્ય કર્યા છે કુળદેવતા, કુળદેવીની પ્રાર્થના અર્ચના કરી છે. ગાયના પૂછડાથી ગોબરથી બાળકૃષ્ણની નજર ત્યા સ્નાન કરાવ્યું છે. ગોપીજનો આનંદ વિભોર થઈ ભગવાન બાળકૃષ્ણની આસપાસ ફરે છે સેવા કરે છે. ભગવાનને લાડલડાવે છે યશોદા માતાને મદદ કરે છે.

આપણે બધા પોતાના અંગત સ્વાર્થ ખાતર શ્રી પ્રભુ પર દ્રઢ શ્રધ્ધા ન રાખતા બીજા દેવી દેવતાનું સ્મરણ માનતા માનીએ છીએ જે પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રય કર્યો કહેવાય. સંશયની વાત એ છે કે ફકત પુષ્ટિમાર્ગમાં જ શા માટે આવું બંધન છે. બીજા કોઈ સંપ્રદાયમાં આવું બંધન હોય એવું સહજ જણાતું નથી. શ્રી મહાપ્રભુજીનું કહેવાનું એટલું જ છે કોઈ પણ એકને પકડી રાખો બધે ફાફા મારવાની જરૂર નથી. તમને જે સ્વરૂપ જે ભગવાનમાં શ્રધ્ધા હોય તેમને જ શ્રધ્ધા થી ભજો. વાસ્તવમાં માણસ સવારે ઉઠે છે અને રાત્રે સૂઈ જાય છે તે દરમ્યાન જડ ચેતન કેટલી વસ્તુઓનો માણસોનો આશ્રય કરે છે. વડીલોની આજ્ઞા પરંપરાથી ચાલતા રીતરીવાજોને આધીન પ્રણાલિકાને આધીન અન્યનો આશ્રય કરવાની ફરજ પડે છે. વૈદિક હોવા છતાં પુષ્ટિમાર્ગમાં શ્રી ઠાકોરજીની મરજીને વિશેષ મહત્ત્વ આપે છે ૫૫૦ વર્ષ પહેલાની પરિસ્થિતિ અલગ હતી આજે અલગ છે પૈકી બદલાઈ ગઈ છે.

પૃથ્વી શેષનાગની એક ફૂણા પર સરસવ/રાઈનાં દાણા જેવી દેખાય છે. એવું શાસ્ત્રમાં લખેલું છે તો શેષનાગનું સ્વરૂપની કલ્પના કરવી કેટલી અધરી હશે આ

શંકા સંશય થઈ શકે છે.

મહાભારતનાં યુધ્ધ વખતે સાત કોઠા યુધ્ધ સમયે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને લઈ પાતાળમાં ગયા અને અભિમન્યુ મરાયો અભિમન્યુ અહી રાવણ / મહા રાવણનો આત્મો હતો તેના અઢારમાં વર્ષે અભિમન્યુ નાં હાથે પ્રભુનું મોત થવાનું હતું તેથી ભગવાને અવતાર કાર્ય પુરુ કરવાનું હોઈ આ લીલા કરી.

કર્ણ અર્જુનનાં રથને પાછળ ધકેલે છે ભગવાનનાં મુખમાંથી વાહ ! શબ્દ નીકળે છે અર્જુનને સંશય થાય છે મારા કોઈ પરાક્રમ વખતે પ્રભુ વાહ ! બોલ્યા નથી અને કર્ણના આ સામાન્ય જેવા પરાક્રમથી પ્રભુ વાહ ! બોલ્યા અંતરયામી પ્રભુએ કહ્યુ અર્જુન તારા રથ પર સ્વયં હનુમાનજી બિરાજમાન છે અને સ્વયં હું બિરાજમાન છું છતાં તારા રથને પાછળ ધકેલ્યો એ નાની સૂની વાત નથી. શકિતમાન કર્ણને દ્રૌપદી સ્વયંવરમાં અપમાનિત થવું પડયું ચોક્કસ એ સ્વયંવરમાં જીતી જાત દાસીપુત્ર શબ્દથી નવાજવામાં આવતા કર્ણ પોતાની જગ્યા પર ચાલ્યો જાય છે. ગુરુદ્રોણે એકલવ્ય પાસે જમણા હાથનો અંગૂઠો માંગ્યો એકલવ્ય એ એક ક્ષણનો વિચાર કર્યો નહીં અને અંગૂઠો કાપી આપ્યો. અર્જુનને આગળ કરવા આ પ્રસંગોએ નિતિને બાજુ પર મૂકવામાં આવી છે. કર્ણનાં રથનું પૈડું કાદવમાં ખૂપી ગયું તે સમયે ભગવાન કૃષ્ણએ અર્જુનને બાણ મારવા મજબૂર કરે છે સંશય શંકા થઈ શકે કે પ્રભુ એ આવુ શા માટે કર્યું.

ખરેખર ભગવાન વિષ્ણુ તથા ભગવાન કૃષ્ણની અમુક લીલાઓ કપટયુક્ત લાગે છે. મારા ઘણા લેખોમાં ક્ષીરસાગર, વૈકુંઠ, ગોલોકધામ, અક્ષરધામ, સ્વર્ગ નરકનાં અસ્તિત્વ વિષે સંશયનો વારંવાર ઉલ્લેખ થયેલો છે. જીવાત્મા ખોળીયું છોડી કયાં જાય છે તેનો ૧૦૦% કોઈ જવાબ નથી તે સંશય પણ રહેવાનો જ છે.

સામાજીક પ્રાણી મનુષ્ય સ્વભાવથી મજબૂર હોઈ શંકા, સંશય થી છૂટી શકવાનો નથી.

– નવિનચંદ્ર દશરથલાલ ગાંધી,
ભરૂચ (હાલ વડોદરા)
મો.: ૯૫૮૬૮૧૭૪૬૦

## ક્ષમાયાચના

વાયડામિત્રમાં મારા લેખ "આપણા ધાર્મિક ગ્રંથોમાં અવાસ્તવિકતા"ને કારણે ઘણા વાચકમિત્રોનું ધાર્મિક લાગણી દુભાઈ છે. જે વાચકમિત્રોની ધાર્મિક લાગણી દુભાઈ હોય તે બધા વાચકમિત્રો પાસે વિનમ્રપૂર્વક ક્ષમા યાચુ છું. ઘણા વાચકમિત્રોને લેખ ગમ્યો છે અને ઘણા વાચકમિત્રોને લેખ નથી ગમ્યો. જે વાચકમિત્રોને લેખ નથી ગમ્યો તેમને વાયડામિત્રના તંત્રીને ફોન કરી નારાજગી વ્યક્ત કરી છે. વાચકમિત્રોની નારાજગીના કારણે "આપણા ધાર્મિક ગ્રંથોમાં અવાસ્તવિકતા" ના લેખનો બીજો ભાગ પ્રસિધ્ધ કરવામાં નહીં આવે. વાચકમિત્રોને બીજો ભાગ વાંચવો હોય તો મને મોબાઈલ ફોન નંબર અથવા E-mail address મોકલી આપે કે જેથી હું લેખનો બીજો ભાગ WhatApps અથવા E-mail address દ્વારા મોકલી આપીશ.

આ લેખમાં વ્યક્ત કરવામાં આવેલા વિચારો મારા વ્યક્તિગત વિચારો છે. વાચકમિત્રો મારા વિચારો સાથે સહમત થાય તેવો દુરાગ્રહ હું નથી રાખતો અને રાખી શકું પણ નહીં. મારા વિચારો વૈજ્ઞાનિક અભિગમ આધારિત છે.

– વક્રદ્રષ્ટા પ્રિયમુખ પનાલાલ
91066 25647

વાયડામિત્રના અંકમાં પેનલ જા.ખની ઘણી જગ્યા ખાલિ હોવાથી જ્ઞાતિજન પોતાની નવી પેનલ જા.ખ આપી, વાયડામિત્રને આર્થિક સહાય કરે.

– તંત્રી

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

આપની આ સાથે ઈ.સ ૨૦૨૧ થી ૨૦૨૭ સુધીનું કેલેન્ડર માં જે વર્ષનું કેલેન્ડર જોવું હોય તેની નીચે તારીખ, વાર વાળુ પાનું મુકી દેવાનું તારીખનું કોલમ વર્ષની નીચે હોવું જોઈએ અને વારનું કોલમ મહીના નીચે આવવું જોઈએ.

– પ્રવીણભાઈ હરીલાલ શાહ, ભૂજ
મો. ૯૯૨૫૫ ૭૪૮૧૭

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# ઈ. સ. ૨૦૨૧ થી ઈ. સ. ૨૦૨૭ સુધીનું કેલેન્ડર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ઓગસ્ટ | ફેબ્રુઆરી માર્ચ નબેમ્બર | જૂન જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ | જાન્યુ. ઓક્ટોબર | મે |
| ૨૦૨૨ | મે | ઓગસ્ટ | ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર | જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ | જાન્યુ. ઓક્ટોબર |
| ૨૦૨૩ | જાન્યુ. ઓક્ટોબર | મે | ઓગસ્ટ | ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર | જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ |
| ૨૦૨૪ | સપ્ટેમ્બર ડિસેમ્બર | જાન્યુ. એપ્રિલ જુલાઈ | ઓક્ટોબર | મે | ફેબ્રુઆરી ઓગસ્ટ | માર્ચ નવેમ્બર | જુન |
| ૨૦૨૫ | જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ | જાન્યુ. ઓક્ટોબર | મે | ઓગસ્ટ | ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર |
| ૨૦૨૬ | ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર | જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ | જાન્યુ. ઓક્ટોબર | મે | ઓગસ્ટ |
| ૨૦૨૭ | ઓગસ્ટ | ફેબ્રુઆરી માર્ચ નવેમ્બર | જુન | સપ્ટેમ્બર ડિસેમ્બર | એપ્રિલ જુલાઈ | જાન્યુ. ઓક્ટોબર | મે |

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## Receipts upto 25/12/2021

| Receipt No. | Person name | Amout | Towards Which |
|---|---|---|---|
| 121 | Merveillebhai Nagarsheth | 800 | Panel Adv. |
| 122 | Taraben Talkshibhai shah | 350 | Diwali Adv. |
| 123 | Dr. Shaileenbhai Parikh | 650 | Diwali Adv. |
| 124 | Harishbhai Ramjibhai Vayada | 1500 | Diwali Adv. |
| 125 | Girishchandra Dahyalal Shah | 1500 | Diwali Adv. |
| 126 | Hardikbhai Dineshbhai Parikh | 1500 | Diwali Adv. |
| 127 | Pradipbhai Rameshchandra Shah | 650 | Diwali Adv. |
| 128 | Sonalben pradipbhai Parikh | 4500 | Diwali Adv. |
| 129 | Coronet | 2000 | Diwali Adv. |
| 130 | Hiteshbhai Laljibhai Shah | 2400 | Diwali Adv. |
| 131 | Dr. Kishorbhai Rasiklal Parikh | 3400 | Panel Adv. |
| 132 | Sanjaybhai Chandrakantbhai Parikh | 650 | Diwali Adv. |
| 133 | Ashwinbhai J. Merchant | 800 | Panel Adv. |
| 134 | Manojbhai B. Shah | 640 | Diwali Adv. |
| 135 | Ashokbhai Thakorlal Shah | 2501 | Donation |
| 136 | Ashishbhai H. Kashiparekh | 1500 | Diwali Adv. |
| 137 | Mangalam Consultancy | 1500 | Diwali Adv. |
| 138 | Drashti Eye Clinic | 800 | Panel Adv. |
| 139 | The Nagdevi Tools Steel Mart | 650 | Diwali Adv. |
| 140 | Vayad Group Of Co. | 20700 | Title Ad.-Panel Ad. |
| 141 | Prakashbhai Navinchandra Shah | 350 | Diwali Adv. |
| 142 | Chandrilbhai Nagindas Shah | 1050 | Diwali Adv. |
| 143 | Kunal Deisels | 650 | Diwali Adv. |
| 144 | Nareshbhai Rasiklal Shah | 1600 | Panel Adv. |
| 145 | Veljibhai Bhimjibhai Shah | 800 | Panel Adv. |
| 146 | New Janta Transport Co. | 1500 | Diwali Adv. |
| 147 | K. B. R. Drug Pvt. Ltd. | 1600 | Diwali Adv. |
| 148 | Ahmedabad Dasha Vayada Vanik Gnati | 400 | Adv. |
| 149 | Kunal Deisels | 800 | Panel Adv. |
| 150 | Atitbhai Maheshbhai Shah | 650 | Diwali Adv. |
| 151 | Dr. Surendrabhai P. Dalal | 1500 | Adve. + Donation |

– વ્યવસ્થાપક

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદિર, વડોદરા

### શ્રી વાયુદેવતા મંદિરને મળેલ ભેટ

૧) રૂ. ૩૦૦૦/- અખંડ દીવાના ઘી માટે સ્વ. વસંતબેન પારેખના સ્મરણાર્થે હસ્તે શ્રી મુકુંદભાઈ પારેખ, મુંબઈ અને શ્રી દીલીપભાઈ પારેખ, વડોદરા તરફથી ડિસેમ્બર ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૨ - ૩ માસ માટે મળેલ છે.

૨) શ્રી જીગ્નેશભાઈ કે. શેઠ તરફથી શ્રી વાયુદેવતાજીના વાઘા માટે કાપડ તથા સિલાઈની રકમ મળેલ છે.

૩) શ્રી નિતેષ દીલીપભાઈ પારેખ (દુબઈ) હસ્તે શ્રીમતિ ભુમિ પારેખ તરફથી શ્રી વાયુદેવતા મંદિરે વાઘા માટે કાપડ તથા સિલાઈની રકમ મળેલ છે.

વિશા વાયડા વણિક પંચ આપ સૌના ખૂબ આભારી છે.

– **કશ્યપભાઈ શ્રોફ**

## શ્રી સમીરી વણિક સમાજ - અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૦-૧-૨૦૨૨ના રવિવારના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર, વાસણા બેરેજ રોડ, અમદાવાદ ખાતે સવારે ૧૦.૦૦ વાગ્યે મળશે. આ સભામાં હાજર રહેવા સર્વે સભ્યોને વિનંતી છે.

આ સભામાં શ્રી સમીરી વણિક સમાજ તથા શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળનાં ગત બે વર્ષના હિસાબો રજુ કરવામાં આવશે.

શરદ જે. પરીખ — સેક્રેટરી

શૈલેષ પી. શાહ — પ્રમુખ

## સરનામામાં ફેરફાર ★★★

**New Address :** Kirit Zaveri, A-102, Shivalik Legacy, Opp. Zodiac Aster Appts., Near Ahmedabad International School, on the road opposite Atithi dining hall, Bodakdev, Ahmedabd - 380 054 M. 98984 21500

# શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ

## સ્નેહસંમેલન – સંવત ૨૦૭૮ – અહેવાલ

તા. ૨૮.૧૧.૨૦૨૧ રવિવાર ના રોજ મુંબઈમાં મુલુંડની સારસ્વત વાડી ખાતે નવા વર્ષને વધાવવા સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સવારે ૯ થી ૧૦ અલ્પાહાર તથા ચા કોફી રાખવામાં આવ્યા હતા.

ત્યાર બાદ ૧૦ વાગ્યા થી વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

Colouring Competition(3 - 5 Years) 1st Prize Rhishan D. Shah

Drawing Competition (6 - 11 years) 1st Prize Rudra J. Shah

Mask Decoration (12 - 17 years) 1st Prize Diya N. Shah

Mask Decoration (18 years & above) 1st Prize Dimple N. Shah

Rangoli (12 - 17 years) 1st Prize Jhanvi N. Shah

Rangoli (18 Years & above) 1st Prize Neha B. Shah

હરીફાઈ બાદ સવારે ૧૧ થી ૧ ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જ્ઞાતિજનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ વખતે ફનફેરમાં વિવિધ ફૂડ સ્ટોલ, વસ્તુ વેચવાના સ્ટોલ તથા ગેમ્સના સ્ટોલ રાખવામાં આવેલ હતાં જ્યાં લોકોએ ખૂબ મજા માણી.

બપોરે ભોજન લીધા બાદ સ્વાગત ગીત તથા ફેન્સી ડ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો અલગ અલગ વેશ ભૂષામાં સુંદર તૈયાર થયા હતાં.

ત્યાર બાદ વિવિધ પરફોર્મન્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા અને વિવિધ ગ્રુપ ગેમ્સ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 10-15 મેમ્બર્સ ના ૧૩ ગ્રુપ ને વિવિધ ગેમ્સ રમાડી હતી અને સહુએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ લોટરી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું

અને કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારને ઈનામ આપવામાં આવ્યા હતા.

સમાજના વિદ્યાર્થીઓને સમાજ તથા કેળવણી ફંડ તરફથી ભણતર પ્રત્યેનો ઉત્સાહ વધારવા સ્કોલરશીપ આપવામાં આવી હતી.

સમાજ એ જૂન મહિના માં બે મેડિકલ સ્કીમ રજૂ કરી હતી (૧) મેડીકલ ચેકઅપ અને (૨)મેડિકલ ઈનશ્યોરન્સ પ્રોગ્રામમાં ટ્રસ્ટીશ્રી પી. કે. શાહ દ્વારા સર્વે ને અપીલ કરવામાં આવી હતી કે જેમને પણ આ સ્કીમનો લાભ ન લીધો હોય તેઓ સમયસર આ સ્કીમનો લાભ લઈ ને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને.

સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલનની અનિશભાઈ શાહ તથા સમીર શાહ એ ખૂબ જ સુંદર રીતે કર્યું હતું અને છેલ્લે બધા એ ખૂબ જ ઉત્સાહથી ગરબાની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમ પૂરો થયા બાદ રાત્રી ભોજન કરીને બધા છુટા પડ્યા હતા.

કાર્યક્રમના ફોટા નિહાળો અને લાઈક કરો ઈન્સ્ટાગ્રામ એ ફેસબુક ઉપર

**Instagram** : https://www.instagram.com/p/CW2pRQPtbli/?utm_medium=copy_link

**Facebook** : https://www.facebook.com /100010745447836/posts/1560107784357388/

| શ્રી જગદીશભાઈ શાહ | શ્રી અનિશભાઈ શાહ | નિલેશ શાહ |
|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |

તથા મુંબઈ કચ્છી વાયડા સમાજ કમિટી

★★★

**સરનામામાં ફેરફાર**

અશોક આર. કિનખાબવાલા તથા મધુરી અશોક કિનખાબવાલા

**નવું રહેઠાણનું સરનામું :**

H\104, ઈન્દ્રપ્રસ્થ ગ્રીન્સ, શ્યામલ 3B રોહાઉસની નજીક,
શ્યામ શિવમ બંગલાની સામે,
શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-380 015
મોબાઈલ નં. 91738 96760, 94276 18545

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## અવસાન

જયન્તભાઈ મથરદાસ શાહ, ઉ. વર્ષ ૬૭, તા. ૩-૧૨-૨૧નાં રોજ.

મુંબઈ : લક્ષ્મીચંદ વેલજીભાઈ શાહ, ઉ. વ. ૭૮ તા. ૧૫-૧૨-૨૧નાં રોજ.

સુરત : ભદ્રાબેન ચંપકલાલ જરીવાલા, ઉ. વ. ૮૭, તા. ૨૪-૧૨-૨૧નાં રોજ.

ભરુચ : મધુરીબહેન સુરેન્દ્રભાઈ દલાલ, ઉ. વ. ૮૧, તા. ૧૭-૧૨-૨૧નાં રોજ.

નોંધ : સમાચાર નં. ૧ માં ગામનું નામ ખબર નથી. GCVના Whatsapp group ઉપર આવેલ હતા તે લીધા છે.

## અભિનંદન

વાયડામિત્રના કટારલેખિકા સેજલ પરીખ જેઓ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ફર્મના સંચલક છે. તેઓને વાઈબ્રન્ટ કન્સેપ્ટસ દ્વારા ન્યુ દિલ્હી ખાતે યોજવામાં આવેલ Mrs. INDIA Galaxy 2021 માં Mrs. Intellectual વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. વાયડા મિત્ર ટીમ તેમને અભિનંદન પાઠવે છે.

## Matrimonial

★★★

Name : Mitava Tushar Shah

Qualification : B.Com, M.C.A

Birth Date : 6/9/1994 Birth Place : Patan

Height : 5’ 2” Weight : 50 Kg

Contact : Tushar Shah (Father) : 98241 15168

## શ્રધ્ધા સુમન

★★★



**અ. સૌ. મધુરીબહેન સુરેન્દ્રભાઈ દલાલ**

**જન્મ તા. ૨૨/૫/૧૯૪૦ શ્રીધામ : ૧૭/૧૨/૨૦૨૧**

સત્કાર્યો તમારી શોભા હતી,
સર્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારું જીવન હતું,
પરોપકાર તમારું રટણ હતું,
વ્યવહાર કદી ચૂક્યા નથી,
ધર્મ કદી ભૂલ્યા નથી.

ડો. સુરેન્દ્રભાઈ પ્રાણલાલ દલાલ

ડો. ચિરાગ દલાલ
ડો. તન્વી ચિરાગ દલાલ
સ્વ. દિનકરભાઈ દલાલ
ગં.સ્વ. ભારતીબહેન દલાલ
સુનિલ ડી. દલાલ
અ.સૌ. રંજુ સુનિલ દલાલ
સ્વ. નરેન્દ્રભાઈ દલાલ
સ્વ. પન્નાબહેન દલાલ

અ.સૌ. ડો. રીટા ભાસ્કર ઝવેરી
અ.સૌ. ડો. પ્રીતિ કેતન પરીખ
અ.સૌ. ડો. પૂજા દીપક પરીખ
ચિ. મનન, રીના, મમતા, ચેતન, ડો. ધવલ, સ્નેહલ,
વિશાખા, કિશોરી, માનસી, યશ, લક્ષ્ય, કૌશલ,
જ્યોતિકા, વેદાંત

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ - શ્રદ્ધાંજલિ ★★★



**સ્વ. પ્રફુલબેન એન. શાહ**

**સ્વર્ગવાસ : ૩૧-૧૨-૨૦૨૦**

આપની અણધારી અંતિમ વિદાય અમોને સૌને બહુ વસમી લાગી. આપનો સદાય હસતો અને સંતોષથી ભરપુર ચહેરો હજી પણ આંખો સામે તરવરે છે.

આપ સાદગીભર્યું અને પ્રભુમય જીવન જીવ્યા અને પરમશાંતિથી શ્રીજીબાવાનું શરણ પામ્યા. આપની છબી સદાય અમારા હૃદયમાં અંકીત રહેશે.

સ્નેહ નિસ્વાર્થ જીવન અને ત્યાગના મધુર સંસ્કારનો વારસો આપનાર પૂજ્ય પ્રફુલબાને પ્રથમ પુણ્યતિથિએ શાહ પરિવાર તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ.

લી.

કશ્યપ એન. શાહ - ભરૂચ
હેમા કે. શાહ - ભરૂચ
સપન કે. શાહ - ભરૂચ
ધારણા એસ. શાહ - ભરૂચ
જીનીશ કે. શાહ - ભરૂચ
ત્રીશા જે. શાહ - ભરૂચ
જીઆના એસ. શાહ - ભરૂચ

મેહુલ એન. શાહ - ભરૂચ
નીપા એમ. શાહ - ભરૂચ
હિમાલય એમ. શાહ- ભરૂચ
ઝરણા એચ. શાહ - ભરૂચ
આકાશ એમ. શાહ- ભરૂચ

-: ફર્મ :-

ઉમા ઈલેક્ટ્રીકલ્સ - ભરૂચ



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.

પ્રકાશન ૧૦/૧/૨૦૨૨



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH